# 121 દિવસની જનસેવાની પરિશ્રમયાત્રા

આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે ગુજરાત સરકાર






**સુશાસનના 121 દિવસ**

## પરિણામલક્ષી નિષ્ઠા, જનસેવાની આરાધના.

### ગુણવત્તાસભર આરોગ્ય સેવા

- કોરોના સામે સુરક્ષા માટે રસીકરણમાં ગુજરાત અગ્રેસર. કિશોરોના વેક્સિનેશન અને વયસ્ક વ્યક્તિઓને પ્રિકોશન ડોઝ માટે વિશેષ અભિયાન. અત્યાર સુધીમાં અંદાજે ૯.૫૦ કરોડ વેક્સિનેશન ડોઝ અપાયા. ૯૭.૪ ટકાને પ્રથમ ડોઝ અને ૯૪.૫ ટકાને બીજો ડોઝ અપાયો.
- નાગરિકોના આરોગ્યની જાળવણી માટે અંદાજે ૨૬,૦૦૦થી વધુ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન. ત્રણ કરોડથી વધુ લોકોની સારવાર.
- અંદાજે ૧૨ લાખ ભૂલકાંઓને ન્યુમોનિયા અને મગજના તાવ સામે રક્ષણ માટે ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિનનું સુરક્ષા કવચ.
- એક કરોડથી વધુ નાગરિકોને વિનામૂલ્યે ગુણવત્તાસભર આરોગ્ય સેવા માટે PMJAY-'મા' કાર્ડ એનાયત કરાયા.



### લોકાભિમુખ વહીવટ

- દેશના તમામ રાજ્યો વચ્ચે રહેલી સુશાસન સ્પર્ધાની કોમ્પિટેટીવ રેન્કમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ.
- રાજ્યમાં સુશાસન સપ્તાહની વિશેષ ઉજવણી. ૧,૧૮૩ સમરસ ગ્રામ પંચાયતોને રૂા.૬૩ કરોડથી વધુનું પ્રોત્સાહક અનુદાન. મનરેગા યોજના અન્વયે રાજ્યમાં રૂા. ૧૨૮ કરોડના ખર્ચે ૧૭,૮૩૫ જનહિતલક્ષી કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયા
- સેવા સેતુ અંતર્ગત ૨,૫૦૦ કાર્યક્રમો દ્વારા ૧૩ વિભાગોની ૨૮૦ જેટલી સેવાઓ નાગરિકોને ઘરઆંગણે ઉપલબ્ધ કરાવાઈ. ૭૩,૨૨,૪૮૭ અરજીઓનો નિકાલ.



### સરળ, ઝડપી અને પારદર્શક મહેસૂલી સેવાઓ

- બિનખેતી હુકમોની મંજૂરી બાદ બાંધકામ અંગેની સમય મર્યાદા દૂર કરવામાં આવી.
- નિયત સરકારી સેવાઓમાં એફિડેવિટમાંથી મુક્તિ આપી. સેલ્ફ ડેક્લેરેશન માન્ય રાખવાનો ઐતિહાસિક નિર્ણય.
- વર્ષ ૨૦૧૯થી નોંધાયેલ દસ્તાવેજોની ડિજિટલી સાઈન્ડ નકલ ઓનલાઈન ઉપલબ્ધ કરાવાઈ.
- PMJAY-'મા' યોજનાના લાભાર્થીને અપાતા આવકના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો મહત્વનો નિર્ણય અમલી.
- વહીવટી તંત્રમાં પારદર્શિતા લાવવા અને કાર્યક્ષમતા વધારવાના હેતુથી ઈ-સરકાર પોર્ટલ-એપ્લિકેશનનો શુભારંભ.



### ખુશહાલ ખેડૂત-હરિયાળું ગુજરાત

- ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જીલ્લો જાહેર કરાયો.
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત જાન્યુઆરી-૨૦૨૨માં ૫૭.૪૯ લાખ ખેડૂતોના ખાતામાં રૂા.૧,૧૯૯.૬૦ કરોડની રકમ સીધી જમા કરવામાં આવી.
- સપ્ટેમ્બર-૨૦૨૧માં પડેલા ભારે વરસાદથી ખેડૂતોને થયેલા પાક નુકશાન સામે પ્રથમ તબક્કામાં રૂા.૫૪૬ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું બીજા તબક્કામાં રૂા.૫૩૧ કરોડનું રાહત પેકેજ.
- દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતાં અંદાજે ૨.૩૪ લાખથી વધુ ખેડૂતોને દેશી ગાયની નિભાવણી માટે સહાય.




### ગુજરાતના શહેરો-સ્માર્ટ સિટી

- અમદાવાદ, સુરત, ભાવનગર અને પાટણની આઠ ટાઉન પ્લાનીંગ સ્કીમ અને વડોદરા, સુરત અને અમદાવાદની વધુ ૬ ટાઉન પ્લાનીંગ સ્કીમ મળીને કુલ ૧૮ ટી.પી. સ્કીમને મંજૂરી.
- ક્લીન ઈન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતના ૩૧ ગામો, નગરો અને શહેરોમાં સ્વચ્છ ભારત, સુંદર ભારત, અમૃત ૨.૦ અંતર્ગત વિવિધ કામો હાથ ધરાયા.
- ૬૨ હજાર શેરી ફેરીયાઓને પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ અપાયા. પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત ૧.૦૯ લાખ શેરી ફેરીયાઓને લોન આપવાની પરિણામલક્ષી કામગીરી.



### સુખ, સમૃદ્ધિ અને સુવિધાસંપન્ન ગ્રામજીવન

- આત્મનિર્ભર ગ્રામયાત્રા અંતર્ગત ૧૨ વિભાગોના રૂા.૧,૫૭૭ કરોડથી વધુના ખર્ચે ૪૨,૯૫૦ જેટલા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું. ૧,૯૨, ૫૭૫થી વધુ લાભાર્થીઓને લોન સહાયના ચેકનું વિતરણ કરાયું.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ૧.૪૪ લાખ પાકા આવાસોનું નિર્માણ અને શહેરી યોજના અંતર્ગત ૨૨ હજાર નવા આવાસોના બાંધકામ મંજૂર કરાયા. ૨૩ હજાર આવાસોની કામગીરી પૂર્ણ. ૧૫,૯૦૦ આવાસો લાભાર્થીઓને ફાળવી દેવાયા.




### માર્ગ નિર્માણ

- દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર ઘટાડતા તારાપુરથી વાસદ વચ્ચેના ૪૮ કિલોમીટર લંબાઈનો રૂા. ૧૦૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત સિક્સલેન માર્ગ જનતાને સમર્પિત.
- સરખેજ-ગાંધીનગર-ચિલોડા નેશનલ હાઈ-વેના માર્ગ પર વધુ એક ફ્લાયઓવર બ્રિજ જનતાને સમર્પિત.
- ફાટકમુક્ત ગુજરાતની નેમ સાથે રેલ્વે ઓવરબ્રિજ અને અન્ડર બ્રિજના 30 કામો માટે રૂા.૮૯૦ કરોડના પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી.



### પાણીનું પાણીદાર આયોજન

- 'નલ સે જલ'ના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર. બોટાદ, આણંદ, મહેસાણા, પોરબંદર અને ગાંધીનગર જિલ્લા પછી વડોદરા ૧૦૦ ટકા 'નલ સે જલ' મેળવનાર છઠ્ઠો જિલ્લો બન્યો.
- વડોદરા, સાવલી, ડેસર અને કરજણ તાલુકાના ૨૧૧ ગામો માટે રૂા. ૩૬૪ કરોડની પાંચ નવી જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત. ૪.૩૫ લાખ ગ્રામીણ લોકોને પીવાનું શુદ્ધ પાણી મળશે.



### વંચિતો વિકાસની વાટે

- વન્ય અધિકાર અધિનિયમ અંતર્ગત ૧૬,૫૭૨ વનબંધુઓને જમીનના અધિકારો અપાયા.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ૩૮.૬૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ. ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા આશરે ૪૬.૯૭ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય અપાઈ.
- દિવ્યાંગજનોને દિવ્યાંગતાનું પ્રમાણપત્ર લાઈફ ટાઈમ માટે માન્ય કરવાનો મહત્વનો નિર્ણય કરાયો.



### નારી ગૌરવ

- મહિલાઓના ૧.૧૩ લાખ સ્વસહાય જૂથોને આર્થિક રીતે સક્ષમ બનાવાયા. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ૧૩,૫૦૦ જેટલા સ્વસહાય જૂથોને લોન અપાઈ.
- કોરોનાના સમયમાં પણ રાજયના નાગરિકોને ભોજનની અસુવિધા ઉભી ન થાય તે માટે એક લાખથી વધુ પરિવારોના અંદાજે ૪.૮૨ લાખ નાગરિકોને અન્ન સુરક્ષા પુરી પાડવામાં આવી.
- પાત્રતા ધરાવતી ગંગાસ્વરૂપા બહેનોને પ્રતિમાસ રૂા.૧૨૫૦ની આર્થિક સહાય સીધી લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવી છે.



### શિક્ષિત ગુજરાત

- નવી શિક્ષણ નીતિના દિશાદર્શનના રોડમેપ અને SSIP 2.0નું લોન્ચીંગ.
- દેશના સૌથી મોટા પ્રોજેક્ટ મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ માટે વર્લ્ડ બેંક અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા ૫૦૦ મિલિયન ડોલરનું ફંડ મંજૂર કરાયું આ પ્રોજેક્ટ માટે ગુજરાતને ૧ બિલિયન ડોલરનું ફંન્ડીંગ મળશે.
- અમદાવાદમાં "કૌશલ્યા સ્કીલ" યુનિવર્સિટીની સ્થાપના કરાશે. સ્કીલ ઈન્ડિયા સાથે સ્કીલ ગુજરાત મિશનને સાકાર કરવાનો નવતર અભિગમ.



### શાંત, સલામત અને સુરક્ષિત ગુજરાત

- ગૃહ વિભાગ હસ્તકની વિવિધ પોલીસ સંવર્ગની ૨૭,૮૪૭ જગ્યાઓ ભરવાનો મહત્વપૂર્ણ નિર્ણય.
- રાજ્યના યુવાનોનો કેફી દ્રવ્યોના નશાની ચુંગાલમાંથી મુક્ત કરવા અને કેફી દ્રવ્યોના પેડલરોને નેસ્તનાબૂદ કરવા રાજ્ય સરકારે લીધાં આક્રમક પગલાં.
- કેફી દ્રવ્યો અંગે બાતમી આપનાર બાતમીદારો અને પોલીસ અધિકારી-કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા રાજ્યમાં સૌ પ્રથમવાર નાર્કો રિવોર્ડ પોલીસીનો સુદ્રઢ અમલ કરવામાં આવ્યો છે.
- રાજ્યમાં નાગરિકો સાઈબર ફ્રોડના ભોગ ન બને અને સાઈબર ક્રાઈમ સામે જનજાગૃતિ લાવવા સાઈબર સેઈફ મિશન લોંચ કરવામાં આવ્યું છે.



### ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની શ્રૃંખલા અંતર્ગત ૧૩૫ જેટલા એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરાયા.
- લોજિસ્ટિક્સ – માલ સામાનની સરળતાથી હેરફેરની કાર્યક્ષમતા LEADS ઈન્ડેક્ષમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે.
- પી.એમ. ગતિશક્તિ પ્રોજેક્ટના અમલીકરણમાં ગુજરાત અગ્રણી.



### યુવા વિકાસ : હર હાથને કામ

- કોરોનાકાળમાં યુવાનો નોકરીની તકથી વંચિત ન રહી જાય એવા અભિગમ સાથે સરકારી નોકરીમાં ભરતી માટેની મર્યાદામાં એક વર્ષની છૂટછાટ આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય.
- નોકરી દાતા અને રોજગારવાંચ્છુ યુવાનો વચ્ચે સેતુ રૂપ "અનુબંધમ" પોર્ટલ અને મોબાઈલ એપ કાર્યરત. શ્રમિકોના ઉત્કર્ષ માટે ૪૫ લાખ જેટલા શ્રમિકોની ઈ-શ્રમ પોર્ટલ હેઠળ નોંધણી.



## 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યને સાકાર કરવા સર્વાંગી વિકાસની દિશામાં ગુજરાત દેશમાં અગ્રેસર